# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-05-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# ELECTIONS- PROMINENT CANDIDATES

લોકસભાની ચૂંટણીના પાંચમા તબક્કામાં આવતીકાલે છ રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશની મળીને કુલ 49 બેઠકો માટે સવારે સાતથી સાંજના છ વાગ્યા સુધી મતદાન યોજાશે. પાંચમા તબક્કાનું આવતીકાલે મતદાન પૂર્ણ થતાં 428 બેઠકો પર મતદાન પૂર્ણ થશે.

આ તબક્કામાં ભાજપનાં વરિષ્ઠ નેતા રાજનાથસિંહ, સ્મૃતિ ઈરાની, પીયૂષ ગોયલ જ્યારે કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધી, કે. એલ. શર્મા, નેશનલ કૉન્ફરન્સના ઓમર અબ્દુલ્લા, લોકજનશક્તિ પક્ષના ચિરાગ પાસવાન જેવા પ્રતિષ્ઠિત ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે.

કેટલાક અગ્રણી નેતાઓ, સાંસદો સહિત કુલ 695 ઉમેદવારોનું ભાવિ આવતીકાલે EVMમાં કેદ થશે. આવતીકાલે મહારાષ્ટ્રની 13, ઉત્તરપ્રદેશની 14, પશ્ચિમ બંગાળની 5, બિહાર અને ઓડિશાની 5-5, ઝારખંડની 3 અને કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીર અને લદ્દાખની 1-1 બેઠક માટે મતદાન થશે.

આ સાથે, આગામી 25મી મેના દિવસે છઠ્ઠા તબક્કામાં સાત રાજ્યોની 57 બેઠકો માટે મતદાન થશે. જ્યારે સાતમાં તબક્કાની આઠ રાજ્યોની 57 બેઠકો માટે પહેલી જૂને મતદાન યોજાશે. મતગણતરી ચોથી જૂને થશે.

# CM- NAMO PUSTAK PARAB

'નમો પુસ્તક પરબ' ની 151 મી કડીમાં પુસ્તક પ્રદર્શનની મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મુલાકાત લીધી હતી..વાંચનને એક આદત બનાવવાના હેતુથી સંસ્કૃતિ ફાઉન્ડેશનના ઉપક્રમે શરૂ કરાયેલી આ પુસ્તક પરબમાં 3,000 થી વધુ પુસ્તકો ઉપલબ્ધ છે..મુખ્યમંત્રીએ પુસ્તકોને રસપૂર્વક નિહાળી આ પ્રવૃત્તિને બિરદાવી હતી.. મણીનગર સ્થિત ઉત્તમનગર ગાર્ડન પાસે દર રવિવારે ફૂટપાથ પર પુસ્તકોનું પ્રદર્શન યોજાય છે.

# DAMAN- DEAR PARK

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરાનગર હવેલીમાં આવેલા ડીયર પાર્કમાં વિવિધ પ્રજાતિના 500થી વધુ હરણો મુક્તમને વિહરતા જોવા મળે છે. આ પાર્કમાં હરણને પાંજરામાં પુરવામાં આવતા નથી પણ પાર્કમાં ખુલ્લા ફરતા જોવા મળે છે. અહીં 400થી વધુ હરણ અને નીલગાય જોવા મળે છે. દર વર્ષે 80 હજારથી વધુ પ્રવાસીઓ આ પાર્કની મુલાકાતે આવે છે. આવા જ એક મુલાકાતીએ પોતાનો પ્રતિભાવ આપ્યો...

**(બાઇટ- પર્યટક)**

# MORBI PANI VITARAN

મોરબી જિલ્લાની પાણી વિતરણ વ્યવસ્થા સૌની યોજના અંતર્ગત આવતીકાલથી જિલ્લામાં એકાંતરે એક વખત માટે નગરપાલિકા તરફથી પાણી પહોંચાડવામાં આવશે. મોરબી નગરપાલિકાના મુખ્ય અધિકારી ડી. વી. ડોબરિયાએ શહેરીજનોને પાણીનો બગાડ અને દૂરૂપયોગ ન થાય તે મુજબ પાણીનો ઉપયોગ કરવા જણાવ્યું હતું...

# WEATHER

રાજ્યમાં આગામી પાંચ દિવસ સુધી હીટવેવની સ્થિતી યથાવત રહેશે. દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં પણ હીટવેવ રહેવાની શક્યતા છે. પોરબંદર, જૂનાગઢ, ભાવનગર, સુરેન્દ્રનગર સહિતના જિલ્લાઓમાં પણ હીટવેવની આગાહી કરવામાં આવી છે. આજે પાલનપુરમાં 40, અમદાવાદ, ભાવનગર, ભૂજ સહિતના વિસ્તારોમાં 39, વડોદરા, સુરતમાં 38 તેમજ વલસાડમાં 36 ડિગ્રી સેલ્શિયસ મહત્તમ તાપમાન રહે તેવી હવામાન વિભાગે શક્યતા વ્યક્ત કરી છે.

# MAHILA POLICE JAGRUTI SEMINAR

અમદાવાદ પોલીસ કમિશ્નરના માર્ગદર્શન હેઠળ આજે અમદાવાદના પોલીસ મુખ્યમથકે મહિલા પોલીસ કર્મચારીઓ અંગે માસિક સ્વાસ્થય જાગૃતિ સેમિનાર યોજાઇ ગયો...કલાસૂરિયા ફાઉન્ડેશનના સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમમાં સેનેટરી પેડના કચરાથી પર્યાવરણ બચાવવાના તેમજ મેન્સ્ટ્રુઅલ કપની ઉપયોગિતા અને જાગૃતિ લાવવાના હેતુથી અમદાવાદ શહેરમાં ફરજ બજાવતા કુલ 400થી વધુ મહિલા પોલીસ કર્મચારીઓને માહિતગાર કરાયા હતા.. આ સાથે ઉપસ્થિત રહેલ દરેક મહિલાઓને મેન્સ્ટ્રુઅલ કપ આપવામાં આવ્યા હતા.

# SKATING Gujarat Player

રાજ્યના સ્કેટિંગના યુવા ખેલાડી વરૂણ શાહની ભારતીય આર્ટીસ્ટિક રોલર સ્કેટિંગ ટીમ માટે પસંદગી થઈ છે.

હવે આ ખેલાડીનો આવતા મહિને ન્યૂ-ઝીલેન્ડમાં યોજાનારી ન્યૂઝીલેન્ડ પેસિફિક કપ અને ઑસેનિયા કપ આર્ટીસ્ટિક રૉલર સ્કેટિંગ સ્પર્ધામાં ભાગ લેનારી ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. રાજ્યના આ યુવા ખેલાડીએ અત્યાર સુધી રાજ્ય અને રાષ્ટ્રીય આર્ટિસ્ટીક ચેમ્પિયનશીપમાં કુલ 60 જેટલા ચંદ્રકો જીત્યા છે. વરૂણે તાજેતરમાં ધોરણ-10ની લેવાયેલી પરીક્ષામાં 86 ટકા માર્કસ મેળવ્યા છે.

**(બાઇટ- વરૂણ શાહ)**

# PANCHMAHAL- SMART METER

મધ્ય ગુજરાત વિજકંપની દ્વારા ગોધરા શહેર સહિત જિલ્લામાં વિજ ગ્રાહકો માટે સ્માર્ટ પ્રિપેઇડ મીટર ફીટ કરી દેવામાં આવ્યા છે. રીચાર્જ કર્યા બાદ

નાણાં વધુ કપાતા હોવાની ફરિયાદો ઉઠી હતી. ગ્રાહકોની અસંમજસને દૂર કરવા માટે વડી કચેરી ખાતેથી અપાયેલા આદેશના પગલે એમજીવીસીએલ દ્વારા ગોધરા સહિત જિલ્લામાં સ્માર્ટ મીટર લગાવવા પર હાલ પુરતો પ્રતિબંધ લાદી દેવાયો છે.. એમજીવીસીએલના અધિકારીએ આ અંગે જણાવ્યું હતું કે, જે ગ્રાહકે સ્માર્ટ મીટર બાબતે ફરિયાદ કરી હશે ત્યાં ચેક મીટર લગાવી તપાસ કરાશે.